# સેકટર-૨૪ ઈન્દીરાનગરના મકાનમાંથી રૂ.૭.૪૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૨૪ માં બંધ મકાનને તસ્કરોએ ત્રાટકી તરખાટ મચાવ્યો છે. ઘરમાં રહેલી તિજોરી તોડી સામાન વેર વિખેર કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૭.૪૩ લાખ મત્તાની ચોરી થવા પામી છે. ત્યારે બનાવ અંગે જાણ થતા સેકટર-૨૧ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં ગુનાખોરી દિન પ્રતિદિન વધી રહી હોય તેમ લાગી રહ્યું છે. ચોર ટોળકી બંધ મકાનને નિશાન બનાવી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ફરાર થઈ જાય છે.ત્યારે ચોર ટોળકીને પોલીસનો ડર ના હોય તેમ સેકટર-૭ એ બંધ મકાનમાંથી ૧૩ લાખની ચોરીની હજી સાહી સુકાઈ નથી. ત્યાં ફરીવાર તસ્કરોએ સેકટર-૨૪ માં હાહાકાર મચાવ્યો છે. શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર મકાન નં.-૪ ખાતે રહેતા હીતેન્દ્ર કાનજીભાઈ સોલંકી અમદાવાદ સરખેજ નેચરોપેથી ડોકટરનો અભ્યાસ કરે છે. જયારે તેના પિતા સાથે સેકટર-૭ ડી ખાતે ડીવાઈન યોગા નેચરોપથી સેન્ટર નામથી કલીનીક ચાલે છે. છેલ્લા ચાર માસથી બંન્ને પિતા-પુત્ર સેકટર-૪ ખાતેના ઘરે રહે છે. જયારે રાત્રીના સમયે સેકટર-૩ ખાતેના કલીનીકમાં રોકાય છે. ગત તા.૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજના હિતેન્દ્રના બહેન કવિતા અને બનેવી મિલનકુમાર રાઠોડ (રહે.રખીયાલ તા.દહેગામ) ઉકત કલીનીકે મળીને સેકટર-૨૪ માં રોકાવા માટે ગયા હતા. જયારે બીજા દિવસે સવારે સાડા આઠ વાગે સેકટર-૨૪ ખાતે મકાન લોક કરી ચાવી હિતેન્દ્રને આપતા ગયા હતા. ત્યારે આજે સવારે પાડોશી કુટુંબી ભાઈએ ઘરનો દરવાજો તુટેલો હોવાની હિતેન્દ્રને જાણ કરી હતી. આથી પરિવારના બધા સભ્યો ઈન્દીરાનગર દોડી ગયા હતા. જયાં ઘરમાં જઈને તપાસ કરતા દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં અને ઘરવખરીનો સામાન વેરણ છેરણ પડ્યો હતો.જયારે છેલ્લા રૂમમાં રાખેલી તિજોરી પણ તુટેલી પડી હતી. જેમાં તપાસ કરતા તસ્કરો સોનાના દોરા નંગ-૩, સોનાની વીટીં નંગ-૨, સોનાની કંઠી નંગ-૧, સોનાની કાનની બુટ્ટીઓ નંગ-૪, સોનાની નાકની નથણી નંગ-૪, સોનાના ઓમ ડીઝાઈનના બે પેંડલ, સહિત ચાંદીની પાયલ એક જોડ મળીને કુલ રૂ.૭.૪૩ લાખની મત્તાની ચોરી થવા પામી છે.ચોરી અંગે હિતેન્દ્રની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તારી પાસે ફીના પૈસા ન હોય, જોબ ન હોય એ બધી તમારી અંગત સમસ્યા છે... કોઇ અંતરરાષ્ટ્રિય સ્તરની તકલીફ હોય તો અમને પણ કામ કરવા આનંદ આવે...!!

## હિલવૂડ સ્કૂલની વિદ્યાર્થીનીને નેશનલ લેવલે ગોલ્ડ અને સિલ્વર મેડલ



ગાંધીનગર, તા. ૨૭

પી.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ સુરત ખાતે નેશનલ લેવલ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની હીલવુડની વિદ્યાર્થીની ધ્વજા પટેલે એક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને એક સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યુ હતુ. જે અન્વયે લલીતકલા એકેડમીમાં તેઓનું સન્માન કર્યુ હતુ.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓથોરાઈઝડ રિસાયકલર એજન્સી M/s. ECS Environment pvt ltd.ના સહયોગથી મુખ્ય કચેરી ખાતે ઇ-વેસ્ટ કલેક્શન ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઇ-વેસ્ટ જમા કરાવીને પર્યાવરણના સંરક્ષણમાં યોગદાન આપ્યું હતું. મેયર એ આ અવસરે કર્મચારી, અધિકારી અને મુલાકાતીઓને અનુરોધ કર્યો કે તેઓ પણ આ ઝુંબેશમાં જોડાઈને ગાંધીનગરને સ્વચ્છ બનાવવામાં સહભાગી બને.

## ગજાનન સેવા સમિતિ દ્વારા સાડીનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના જાભચિતરિયા, પાંચ મહુડી, જાંબુડી તથા અણસોલના ૧૧૦ લાભાર્થીને સાડી, બેસન, ગોળ તથા મગદાળ આપવામાં આવી હતી.યૌવના ફાઉન્ડેશનના વૈજુ ગુપ્તે, ઉષા તટ્ટુ, ડૉ. વૈદહી તટ્ટુ વિગેરે તરફથી સાડી પ્રાપ્ત થઈ અને વિતરણમાં હાજર હતા.ઈન્ડીકાના રમણભાઈ પટેલ તરફથી કરીયાણું મળ્યુ હતુ. સેવા સમિતિના દિનેશભાઈ, મિલિન્દભાઈ તથા ભીમજીભાઈ સાથે હતા.

## સચિવાલયમાં નાણા વિભાગના સેકશન અધિકારીના રૂ.૭૦ હજારના મોબાઈલની ચોરી

### સુરેન્દ્રનગરની બસમાં બેસવા જતા સમયે ધક્કામુકીમાં કોઈ આઈફોન સેરવી લીધો

ગાંધીનગર, તા.૨૮

શહેરના એસટી ડેપોમાં પ્લેટફોર્મ નં.૫ સામે ગાંધીનગર થી સુરેન્દ્રનગર તરફ જતી બસમાં બેસતી વખતે અજાણ્યા શખ્સે પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાંથી યુવકનો કાળા કલરનો આઈ-૧૩ એપલ ફોન રૂ.૭૦ હજારનો સેરવી લેતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ દિહોર ભાવનગરના વતની અને હાલ શહેરના સેકટર-૨૫ પ્લોટ નં.૨૮૬-૧ ખાતે સંજયભાઈ વનમાળીભાઈ પનોત પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર સચિવાલય નાણા વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવે છે. સંજયભાઈ પાસે આઈફોન-૧૩ મોડલનો મોબાઈલ ફોન હતો. આ મોબાઈલનો ઉપયોગ તેઓ કરતા હતા. ગત તા. ૧૩ જાન્યુઆરીના રોજ વતન ભાવનગર જવાનું હોવાથી ઘરેથી નીકળી એસટી ડેપો ખાતે આવ્યા હતા અને પ્લેટફોર્મ નં.૫ ઉભા રહીને બસની રાહ જોતા હતા. તે દરમિયાન બપોરના દોઢ વાગ્યાના અરસામાં ગાંધીનગર થી સુરેન્દ્રનગરની બસ આવતા બસમાં બેસવા માટે મુસાફરોની ભારે ભીડ હતી. તે સમયે બસમાં બેસવા જતા ધક્કામુકી થઈ હતી.આ ધક્કામુકીમાં બસમાં બેસવા જતા સમયે યુવકના ખીસ્સામાંથી આઈફોન સેરવી લીધો હતો. યુવકને તાત્કાલીક મોબાઈલ ચોરી થયાની ગંધ આવી જતા બસમાંથી નીચે ઉતરી ગયો હતો. બસની આસપાસ અને એસટી ડેપોમાં શોધખોળ આદરી હતી પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો. જેથી યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૭૦ હજારના આઈફોન ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલમાં અધિકારી-કર્મચારીઓ મોડા આવતા હોવાની વ્યાપક ફરીયાદો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ મોડા આવતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. પરંતુ ખુદ અધિકારીઓ જ મોડા આવતા હોવાથી કર્મચારીઓ કેટલા મોડા આવે છે તે કેમ ખબર પડે. ત્યારે સિવિલમાં તેરી ભી ચુપ, મેરી ભી ચુપ કહેવત લાગુ પડતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સિવિલમાં દુર દુર થી કામ માટે આવતા વ્યકિતઓને જે તે અધિકારી-કર્મચારીની કલાકો સુધી રાહ જોવી પડે છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હાલના સમયે દર્દીઓથી ઉભરાય છે. દર્દીઓના વાર્ષિક આંકડા જોતા સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો છે. સિવિલમાં તાવ થી માંડીને ડાયાલીસીસ અને હાલ તો કિમોથેરાપી કેર યુનિટ પણ શરુ કરવામાં આવ્યું છે.

દર્દીઓને ઘર આંગણે સારવારનો લાભ મળી રહ્યો છે. સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. એમઆરઆઈ મશીન પણ ટુંક સમયમાં કાર્યરત થઈ જશે. ત્યારે હવે દર્દીઓને વિવિધ ટેસ્ટ માટે અમદાવાદ સુધી લાંબા થવુ પડશે નહી. ૬૦૦ બેડની બાજુમાં સુપર સ્પેશ્યાલીટી અને ટ્રોમાં સેન્ટરની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

ત્યારે સિવિલમાં પણ વિવિધ રોગની સારવાર માટે દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે. ત્યારે સિવિલમાં કેટલાક અધિકારી-કર્મચારીઓ મોડા આવે છે તેવી વ્યાપક ફરીયાદ ઉઠવા પામી છે. પરંતુ ખુદ અધિકારીઓ જ મોડા આવતા કર્મચારીઓ કેટલા લેઈટ આવે છે તેની જાણ તેઓને હોતી નથી. જેથી દર્દીઓ કે સગાઓને સિવિલલક્ષી કોઈ કામગીરી હોય તો કલાકો સુધી રાહ જોવાનો વારો આવે છે. જયારે મોડા આવતા છતા સાંજે જવામાં પણ એટલી જ ઉતાવળ રાખતા હોય છે. ત્યારે સિવિલમાં લેઈટ આવતા અધિકારી-કર્મચારીઓ સામે તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે.

## ગુજરાતી ફિલ્મ "લેન્ડ ગ્રેબીંગ" ૧૦મી માર્ચે રીલીઝ થશે

ગાંધીનગર, તા. ૨૮

જય ગુરૂદેવ ઈન્ટરનેશનલ મુવીસ દ્વારા સમગ્ર દેશની સાંપ્રત સમસ્યા કહી શકાય તેવી જમીન પર દબાણ અને ત્યારબાદ લેન્ડ ગ્રેબીંગ તળે કાર્યવાહી અને જમીન માફિયા દ્વારા ગેરકકાયદેસર જમીન પચાવી પાડવી અને પીડીત પરિવાર પર અત્યાચાર ગુજારવો વગેરે સાંપ્રત ઘટનાની સાંકળતી લેન્ડ ગ્રેબીંગ ગુજરાતી ફિલ્મ બનાવવામાં આવી છે અને આગામી ૧૦મી માર્ચના રોજ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના તમામ જાણીતા સિનેમા ઘરોમાં આ ફિલ્મ રીલીઝ થનાર છે. આ ફિલ્મમાં મુખ્ય હીરો તરીકે સમગ્ર ગુજરાતના યુવાનોમાં લોકપ્રિય એવા જાણીતા લોકગાયક ઉમેશ બારોટ, ચેતન દહીયા અને ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે જીલ જોશી પોતાનો કિરદાર નિભાવી રહ્યા છે. ગેરકાયદેસર જમીન પર કબજો કરનાર જમીન માફિયા સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગુજરાત સરકાર દ્વારા લેન્ડ ગ્રેબીંગ એકટ અમલી બનાવવામાં આવ્યો છે. આમ સમગ્ર ઘટનાને સાંકળીને સરકાર દ્વારા જે કાયદાનું અમલીકરણ કરવામાં આવ્યુ છે તેનો વ્યાપક પ્રચાર પ્રસાર આ ગુજરાતી ફિલ્મમાં કરવામાં આવ્યો છે અને લોકજાગૃતિનો પણ મુખ્ય આશય પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.




લેન્ડ ગ્રેબીંગ ગુજરાતી ફિલ્મ જમીન માફીયા ઉપર પોલીસ કાયદાનો સકંજો કેવી રીતે ઉગામે છે અને પીડીતને કેવી રીતના પોલીસનું રક્ષણ મળે છે તે ઘટનાને પણ સાંકળી લેવામાં આવી છે અને પોલીસની કામગીરીને પણ બિરદાવવામાં આવી છે.

આ ફિલ્મના ડાયરેક્ટર તરીકે મુંબઈના યુવા કાદિર સૈયદ, હરીશ બારીયા રહ્યા છે અને ફિલ્મના નિર્માતા તરીકે જગદીશચંદ્ર બારીયા, ગોધરાવાળાએ પોતાની જવાબદારી નિભાવી છે. આજે પત્રકાર પરિષદમાં ઉમેશ બારોટ, ચેતન દહીયા, વિમલ ત્રિવેદી, પ્રવિણ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરના ઘ-૩ સર્કલ પાસેથી યુવતીના હાથમાંથી મોબાઈલ ઝુંટવી ચોર ફરાર

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં ચોર કે અસામાજીક તત્વોને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે.

શહેરમાંથી છાશવારે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. ત્યારે હવે ઘરફોડ ચોરી અને એસટી ડેપોમાંથી મોબાઈલ ચોરીના કિસ્સા બંધ થવાનું નામ લેતા નથી. ત્યારે શહેરના મુખ્ય માર્ગ ઘ-૩ સર્કલ પાસે યુવતિના હાથમાંથી મોબાઈલ ઝુંટવી ત્રણ અજાણ્યા શખ્સો બાઈક લઈ છુમંતર થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુરના કુકરવાડા ખાતે રહેતી ૨૪ વર્ષિય પુજા અશોકભાઈ પટેલ ગીફટસીટી ટાવર-૧ માં આવેલ ટ્રક મહીન્દ્રા કંપનીમાં બેંક ઓફ બરોડાના કોલ સેન્ટરમાં ફરજ બજાવે છે.

ગત તા.૨૧ ફેબ્રુઆરીના રોજ રાતના સમયે પુજા અને તેની બહેનપણી નયના શ્રીમાળી ઓફિસના મિત્ર મનિષના એકટીવા પર ઘરે જવા માટે નીકળ્યા હતા. જયારે બંન્ને બહેનપણી રાત્રીના પોણા આઠ વાગ્યાના અરસામાં પથિકા સર્કલ પાસે વીટકોસ બસ સ્ટેન્ડની પાસે ઉતરીને એસટી ડેપો તરફ ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે પાછળ સાઈડ થી અચાનક એક બાઈક ઉપર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોમાંથી એક શખ્સે પુજાના હાથમાંથી રૂ.૧૯ હજાર કિંમતનો મોબાઈલ ફોન ઝુંટવી લીધો હતો. જેથી પુજાએ હોહા કરી બાઈક પાછળ દોડી હતી.

પરંતુ ગણતરીના સમયમાં ત્રણેય લુંટારૂઓ રોકેટગતિએ બાઈક હંકારી પલાયન થઈ ગયા હતા.જયારે મોબાઈલના કિસ્સા બાદ પુજા તેના વતનમાં ગઈ હતી. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- શેરબજારમાં આજે પણ સેન્સેકસના ઘટાડાને લઈ શહેરના રોકાણકારોમાં નિરાશા ફરી વળી છે.
- ખેતીવાડી વિભાગે આજે વિભાગીય સમીક્ષા બેઠક યોજી હતી.
- જિલ્લા આરોગ્ય તંત્રમાં હાલ કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોના પ્રમાણપત્રના વેરીફીકેશનની કામગીરી ચાલી રહી છે.
- ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુના માહોલની સાથે વાઈરલ-ફિવરના દર્દીઓ સતત વધી રહ્યા છે.
- શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ઈન્દ્રોડા પાર્કની સામે નીલગાય અચાનક રોડ પર આવતાં અકસ્માત સર્જાયો હતો.
- ગાંધીનગર શહેરમાં એક જ દિવસમાં ૮ મોબાઈલ ચોરીની ઘટના નોંધાઈ.
- દહેગામની કડજોદરા હાઈસ્કૂલમાં ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો.
- દહેગામના પદપુરા બસસ્ટેન્ડ પાસે ડમ્પરચાલકે બાઈકને ટક્કર મારતા યુવકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.
- નાંદોલમાં માર મારવા મામલે સામ સામે ફરિયાદો નોંધાઈ.
- પેથાપુરમાંથી ૫૫ હજારનો વિદેશી દારૂનો જથ્થો પકડાયો.
- દહેગામના બહિયલ પંથકમાં રખડતા પાડાએ આંતક મચાવ્યો હોવાની ઘટના નોંધાઈ છે.
- નાણાં વિભાગના સેકશન અધિકારીનો મોબાઈલ ફોન ચોરાયાની ઘટના નોંધાઈ છે.
- બટાકાના ભાવને લઈ દહેગામના ધારાસભ્યએ સરકારમાં રજુઆત કરી છે.
- ગાંધીનગર મનપાના મેયર હિતેશ મકવાણાનું ગળુ બેસી જતાં હવે તબીબોની સલાહ પ્રમાણે તેઓએ બોલવાનું બંધ કર્યુ છે.
- ગાંધીનગર મનપામાં નવા મેડીકલ ઓફિસરો અને આરોગ્ય કર્મીઓને આજે ટી.બી.ને લઈ ખાસ તાલિમ આપવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલ વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાયા છે.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

તા. ૨૮-૨-૨૩ ના રોજ શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં સૌ પ્રથમ ડૉ. સર.સી.વી. રામનનો પરિચય અને માહિતી ક્રિષ્ણાબેન ચૌધરીએ આપી હતી. ત્યારબાદ કોરોના રસીકરણ વિશે નાટક ધો. ૮ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભજવ્યુ હતું. ધોરણ ૬ થી ૮ ના બાળકો હાજર હતા જેમને ખૂબ જ મજા આવી અને કોરોના રસીકરણ વિશે માહિતગાર થયા હતા.



### ગાંધીનગર સ્વરોજગાર વિકાસ સંસ્થાન BSVS (આરસેટી) ગાંધીનગર

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

RSETI Rural Self Employment Training Insititutes Powering Rural Entrepreneurship

ગાંધીનગર (રૂપાલ) માટે કરાર આધારીત નીચે મુજબની જગ્યા માટે અરજી મંગાવવામાં આવે છે

| અનુ નં. | જગ્યા | લાયકાત અને અન્ય જરૂરીયાતો |
|---|---|---|
| ૧. | ફેકલ્ટી પોસ્ટ-૧ | ગ્રેજ્યુએટ / અનુસ્નાતક જેમ કે એમ.એસ.ડબલ્યુ/રૂરલ ડેવલોપમેન્ટમાં એમ.એ./ સમાજશાસ્ત્રમાં એમ.એ./મનોવિજ્ઞાન/બી.એસ.સી. (પશુચિકિત્સા), બી.એસ.સી. (બાગાયત), બી.એસ.સી.(ખેતી), બી.એસ.સી. (ખેતી માર્કેટીંગ), બી.એ. સાથે બી.એડ વિગેરે હોવું જોઈએ. કોમ્પ્યુટરનું સારૂ જ્ઞાન ધરાવતા અને શીખવાની ક્ષમતા ધરાવતા. સ્થાનીક ભાષામાં ઉત્તમ સંચાર કૌશલ્ય આવશ્યક, અંગ્રેજી અને હિન્દીમાં પ્રવીણતા વધારાની લાયકાત ગણાશે. સ્થાનીક ભાષામાં ટાઈપ કરવાની કુશળતા આવશ્યક છે હિન્દી / અંગ્રેજી ટાઈપીંગમા કૌશલ્ય વધારાની લાયકાત ગણાશે ફેકલ્ટી તરીકે અગાઉના અનુભવને પ્રાધાન્યતા રહેશે ઈચ્છનીય ઉંમર ૨૨-૪૦, ફિક્સ પગાર રૂપિયા : ૨૨,૫૦૦/- |
| ૨. | ઓફિસ આસીસ્ટન્ટ પોસ્ટ-૧ | ગ્રેજ્યુએટ (જેમ કે એમ. એસ. ડબલ્યુ/બી.એ./બી.કોમ. સાથે કોમ્પ્યુટર જાણકાર હોવું જોઈએ) મૂળભુત એકાઉન્ટીંગની જાણકારી હોવી જોઈએ બોલાતી અને લેખિત સ્થાનીક ભાષા (ગુજરાતી)નું જ્ઞાન હોવું જરૂરી છે હિન્દી/અંગ્રેજીમાં પ્રવીણતા વધારાની લાયકાત ગણાશે. સ્થાનીક ભાષામાં ટાઈપ કરવાની કુશળતા જરૂરી છે. અંગ્રેજીમાં ટાઈપ કરવાની કુશળતા વધારાની લાયકાત ગણાશે. ઈચ્છનીય ઉંમર ૨૨-૪૦, ફિક્સ પગાર રૂપિયા : ૧૪,૦૦૦/- |
| ૩. | વોચમેન/ગાર્ડનર પોસ્ટ-૧ | ૭મી કક્ષા પાસ હોવું જરૂરી ખેતીમાં બાગ બગીચામાં અને હોર્ટીકલ્ચરમાં અનુભવ હોવું જરૂરી ઈચ્છનીય ઉંમર ૨૨-૪૦, ફિક્સ પગાર રૂપિયા : ૮,૫૦૦/- |

નોંધ : (૧) ઉંમર જાહેરાતની તારીખને આધારીત રહેશે. (૨) અરજી પત્રક તા.૧૮-૦૩-૨૦૨૩ સુધીમાં નીચે જણાવેલ સરનામે ટપાલથી મોકલી આપવી (૩) નિયત તારીખ પછી મળેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (૪) નિમણુંક કરવાની આખરી સત્તા બેંકની રહેશે. (૫) નિમણુંક હંગામી ધોરણે (કોન્ટ્રાકટ આધારીત) રહેશે. (૬)અરજી કવર ઉપર કઈ પોસ્ટ માટે અરજી કરેલ છે તે સ્પષ્ટ લખવું (૭) અધુરી માહિતી/પુરાવા વગરની / સમય મર્યાદા બાદ મળેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

અરજી મોકલવાનું સ્થળ : બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન BSVS (આરસેટી)-ગાંધીનગર મુ.રૂપાલ, ગોરખનાથ આશ્રમની પાછળ, તા.જી.ગાંધીનગર. પીન કોડ-૩૮૨૬૩૦.
કોન્ટેક્ટ નં.૯૯૦૯૯ ૭૯૩૮૨ I Email - bsvs.gandhinagar@bankofbaroda.co.in



## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આયોજીત શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૨૮

તા. ૨૭-૨-૨૦૨૩, સોમવાર, સમય સાંજે ૭ વાગે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આયોજીત શપથવિધિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ગાંધીનગર શહેરની સેક્ટર-૧ થી ૩૦ અને આજુબાજુના વિસ્તારની ધોળેશ્વર, સરગાસણ, વાવોલ, અડાલજ અને પેથાપુર શાખાના નવ નિયુક્ત પ્રમુખ અને મંત્રી સાથે શાખાના તમામ હોદ્દેદારો અને કારોબારી શાખાના સભ્યોએ શપથ ગ્રહણ કરેલ. આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ગુડાના પૂર્વ ચેરમેન આશીષભાઈ દવે, નિશિતભાઈ વ્યાસ - ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, રૂચિરભાઈ ભટ્ટ - પ્રમુખ ગાંધીનગર શહેર ભાજપ, ગૌરાંગભાઈ વ્યાસ અને શ્રીમતી હેમાબેન ભટ્ટ- કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પંડ્યા, કનૈયાલાલ પંડ્યા, કે.બી. વ્યાસ અને પંકજભાઈ શુકલ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશ દવે, મહામંત્રી મુકેશભાઈ શુકલ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર મહીલા પરિવારના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન વોરા, મંત્રી શ્રીમતી વિમળાબેન અયાચી, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવારના પ્રમુખ ક્રિષ્ન જાની, મંત્રી તુષાર રાવલ સહિત મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના વડીલો, મહીલા અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.




## શેઠ એસ. એમ. હાઈસ્કૂલમાં શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર નજીક સરઢવ ગામમાં આવેલી શેઠ એસ. એમ. હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓનોં શુભેચ્છા - વિદાય સમારોહ યોજાયો હતો. સરઢવના વરિષ્ઠ નાગરિક શ્રી ગોવિંદભાઈ જોષીની અધ્યક્ષતામાં યોજાયેલા આ સમારંભમાં ટ્રસ્ટના મંત્રી શ્રી કે. એસ. પટેલે કુમ કુમ તિલક કરી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાનાં આચાર્ય શ્રી અમૃતભાઈ દેસાઈએ પરીક્ષાલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે શિક્ષકશ્રી ગજેન્દ્રભાઈ મહેતાએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.